IJCRT.ORG ISSN : 2320-2882

INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)

An International Open Access, Peer-reviewed, Refereed Journal

# ઉત્તર ગુજરાતના સરકારી જિલ્લા ગ્રંથાલયોમાં ગ્રંથ સંગ્રહનો તુલનાત્મક અભ્યાસ

ડૉ. નીતાબહેન જયંતીલાલ પટેલ[૧] અને ડૉ. વૈદેહી ચંદ્રકાંત પંડયા[૨]

[૧] લાયબ્રેરીયન, સરકારી વિજ્ઞાન કોલેજ, વડનગર

[૨]લાયબ્રેરીયન, લૉ કોલેજ, હિમતનગર, ગુજરાત અને રિસર્ચ સુપરવાઈઝર,ડિપાર્ટમેન્ટ ઑફ લાયબ્રેરી અને ઇન્ફોર્મેશન સાયન્સ, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.

## સારાંશ:

મનુષ્ય જ્ઞાન શિક્ષણ દ્વારા પ્રાપ્ત કરે છે.સમાજમાં કોઈપણ વિષયનું ગહન જ્ઞાન મેળવવા તથા તેના વિકાસ માટે સંશોધનએ પાયારૂપ છે અને એટલે જ, ગ્રંથાલય ક્ષેત્રે નવી ક્ષિતિજો શોધવામાં સંશોધન મહત્વનો ભાગ ભજવે છે.સાર્વજનિક ગ્રંથાલય દેશની સંસ્કૃતિના વારસાને યોગ્ય રીતે સંગ્રહિત કરીને સમાજના લોકોની આવનારી પેઢીઓ સુધી પહોંચાડે છે. આમ, બે પેઢીઓ વચ્ચેનું સંકલન અને અનુસંધાન પણ કરે છે. લોકોમાં નવું જ્ઞાન મેળવવા માટેની ચેતના જગાવનાર ક્રિયાશીલ માધ્યમ પણ છે.વાંચન અને ગ્રંથાલયએ એકબીજાની પૂરક બાબતો છે. ગ્રંથાલયનો ભરપૂર ઉપયોગ વાચક દ્વારા થાય ત્યારે ગ્રંથાલયની ગ્રંથસંગ્રહની સાર્થકતા સિધ્ધ થાય છે.ગ્રંથાલયની ગુણવત્તા તેના સંગ્રહના જથ્થા પરથી નહીં પરંતુ, વાચકો દ્વારા ગ્રંથાલય સંગ્રહના મહત્તમ ઉપયોગ પરથી જાણી શકાય. પ્રસ્તુત સંશોધન પેપરમાં ઉત્તર ગુજરાતના ફક્ત ચાર જિલ્લા- મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા અને પાટણ જિલ્લાના વડા મથકમાં આવેલા સાર્વજનિક ગ્રંથાલયોને અભ્યાસમાં આવરી લીધેલ છે. ખાસ કરીને, આ ગ્રંથાલયોમાં ઉપલબ્ધ કુલ ગ્રંથ સંગ્રહ- ભાષાવાર ગ્રંથ સંગ્રહ, મુદ્રિત વૈવિધ્યપૂર્ણ ગ્રંથ સંગ્રહ, અમુદ્રિત ગ્રંથ સંગ્રહ તેમજ ભાષાવાર સંદર્ભ સાહિત્યની માહિતી વિસ્તૃત રીતે રજૂ કરવામાં આવેલ છે.

ચાવીરૂપ શબ્દો:- ગુજરાત, સાર્વજનિક ગ્રંથાલય,સરકારી જિલ્લા પુસ્તકાલય, ગ્રંથ સંગ્રહ

## ૧. પ્રસ્તાવના:

જ્ઞાનએ મનુષ્યજીવનમાં સર્વોપરી સ્થાન ધરાવે છે.સમાજમાં જ્ઞાનના સંવાહક તરીકે સાર્વજનિક ગ્રંથાલયનો ફાળો અમૂલ્ય રહ્યો છે. ગ્રંથાલયએ સમાજનું અવિભાજ્ય અંગ બની રહ્યું છે. સાર્વજનિક ગ્રંથાલયએ લોકો માટે, લોકો વડે ચાલતી જનસંસ્થા છે. તેમાં કોઈપણ જાતના ભેદભાવ વિના સંસ્કાર અને ચારિત્ર્ય સિંચન માટે નિઃશુલ્ક સેવા આપવામાં આવે છે. સાર્વજનિક ગ્રંથાલય દેશની સંસ્કૃતિના વારસાને યોગ્ય રીતે સંગ્રહિત કરીને સમાજના લોકોની આવનારી પેઢીઓ સુધી પહોંચાડે છે. આમ, બે પેઢીઓ વચ્ચેનું સંકલન અને અનુસંધાન પણ કરે છે. લોકોમાં નવું જ્ઞાન મેળવવા માટેની ચેતના જગાવનાર ક્રિયાશીલ માધ્યમ પણ છે.

જ્ઞાન પ્રાપ્ત કરવા માટે વાંચનએ મહત્વનું પરીબળ છે. વાંચન દ્વારા શિક્ષિત વ્યક્તિ પોતાનું વ્યક્તિત્વ વિકસાવી શકે છે. વાંચન અને ગ્રંથાલયએ એકબીજાની પૂરક બાબતો છે. ગ્રંથાલયનો ભરપૂર ઉપયોગ વાચક દ્વારા થાય ત્યારે ગ્રંથાલયની ગ્રંથસંગ્રહની સાર્થકતા સિધ્ધ થાય છે. સંગ્રહ વિકાસએ ગ્રંથાલય સંગ્રહના ઉદ્ભવ અને નિર્માણમાં મહત્વપૂર્ણ પ્રક્રિયા છે. સંગ્રહ વિકાસમાં મોટેભાગે સમાજના વર્ગના ઉપભોક્તાની જરૂરિયાત અનુસાર મુદ્રિત તેમજ અમુદ્રિત વાંચનસામગ્રીની પસંદગી, પ્રાપ્તિ, મૂલ્યાંકન, સંરક્ષણ અને રદ્દીકરણ જેવી પ્રક્રિયાનો સમાવેશ થાય છે.

માહિતી વિસ્ફોટના યુગમાં અનેક સ્વરૂપમાં માહિતી સ્ત્રોતો ઉપલબ્ધ છે અને તેમાં સતત વધારો થતો જ જાય છે. જેની સામે ગ્રંથાલયોમાં મર્યાદિત બજેટ છે.સામાન્ય વાચક માટે સામાન્ય વાંચન સાહિત્ય અને વિશિષ્ટ કેળવણી પામેલ લોકો માટે વિશિષ્ટ સાહિત્ય સંગ્રહ વિકસાવવોએ

સાર્વજનિક ગ્રંથાલયનો ઉદ્દેશ છે. ગ્રંથાલયની ગુણવત્તા તેના સંગ્રહના જથ્થા પરથી નહીં પરંતુ, વાચકો દ્વારા ગ્રંથાલય સંગ્રહના મહત્તમ ઉપયોગ પરથી જાણી શકાય.

## ૨. સંશોધનનો વ્યાપ:

ઉત્તર ગુજરાતના મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા અને પાટણ એમ ચાર જિલ્લાઓ પૈકી સાબરકાંઠા જિલ્લામાંથી છૂટો પડી પાંચમો નવો અરવલ્લી જિલ્લો ૧૫મી ઓગસ્ટ, ૨૦૧૩ના રોજ અસ્તિવમાં આવ્યો. આથી, સંશોધનની વિષય પસંદગી વખતે નવો ઉદ્દભવેલો અરવલ્લી જિલ્લો અસ્તિવમાં ન હોવાને કારણે સંશોધકે પ્રસ્તુત અભ્યાસક્ષેત્રમાં ઉત્તર ગુજરાતના ફક્ત ચાર જિલ્લા- મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા અને પાટણ જિલ્લાના વડા મથકમાં આવેલા સાર્વજનિક ગ્રંથાલયો પૈકીની નીચે દર્શાવેલા મુખ્ય સરકારી જિલ્લા પુસ્તકાલયને અભ્યાસમાં આવરી લીધેલ છે.

(૧) સરકારી જિલ્લા પુસ્તકાલય, મહેસાણા

(૨) સરકારી જિલ્લા પુસ્તકાલય, હિંમતનગર (જિ-સાબરકાંઠા)

(૩) સરકારી જિલ્લા પુસ્તકાલય,પાલનપુર (જિ-બનાસકાંઠા)

(૪) સરકારી જિલ્લા પુસ્તકાલય, પાટણ

## ૩. સંશોધનના હેતુઓ:

ઉત્તર ગુજરાતના જિલ્લા સાર્વજનિક ગ્રંથાલયોમાં જુદાં જુદાં જૂથની વ્યક્તિઓ માટે વસાવવામાં આવેલી વિવિધ મુદ્રિત તેમજ અમુદ્રિત સંગ્રહ વિકાસનો અભ્યાસ કરવોતેમજ સમતુલિત સંગ્રહ વિકાસ માટેનાં સૂચનો કરવાં.

## ૪. સંશોધનની મર્યાદા:

કોઈપણ પ્રકારનું સંશોધન કરતાં પહેલા તેની કેટલીક મર્યાદાઓ હોય તે સ્વાભાવિક છે. સંશોધક તેને સ્વીકારીને પોતાના અભ્યાસના વિષયને તથા સમયને ધ્યાનમાં રાખીને પ્રયત્ન કરેલ છે. સંશોધક પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં ઉત્તર ગુજરાતના ફક્ત ચાર જિલ્લાઓ- મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા અને પાટણ જિલ્લાના વડા મથકમાં આવેલા વિવિધ ગ્રંથાલયો પૈકી ફક્ત સરકારી જિલ્લા સાર્વજનિક પુસ્તકાલયોને જ તેમજ વર્ષ ૨૦૧૪-૧૫ થી ૨૦૧૬-૧૭ સુધીના સમયગાળો અભ્યાસ માટે આવરી લીધેલ છે.

## ૫. સંશોધન પધ્ધતિ:

કોઈપણ અર્થપૂર્ણ શૈક્ષણિક સમસ્યાના ઉકેલ શોધવા માટે સમસ્યાના સ્વરૂપ અને ઉકેલની જરૂરિયાતના સંદર્ભમાં અમુક ચોક્કસ પધ્ધતિએ સંશોધન પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. વિવિધ સમસ્યાનો ઉકેલ માટે સંશોધનની અલગ અલગ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. સંશોધનની વિવિધ પધ્ધતિઓ પૈકી પ્રસ્તુત સંશોધન કાર્યમાં સંશોધકે વર્ણનાત્મક સંશોધન પધ્ધતિનો ઉપયોગ કરેલ છે. તેમજ માહિતી એકત્રીકરણ માટે પ્રશ્નાવલિ ઉપકરણનો ઉપયોગ કરેલ છે.

## ૬. સંબંધિત સાહિત્યની સમીક્ષા:

સંશોધન કાર્યમાં જરૂરી સંબંધિત સાહિત્યની સમીક્ષાની માહિતી નીચે દર્શાવેલ છે.

**Agarwal, (2000).** *'Library Serials Collection'.* પ્રસ્તુત પુસ્તકમાં સંગ્રહ વિકાસમાં ક્રમિક પ્રકાશનો ઉપરની માહિતી આપેલ છે. જેમાં ક્રમિક પ્રકાશનોનું ઓટોમેશન, તેની જાળવણી તેમજ તેની ગુણવત્તાની ચર્ચા કરેલ છે.

**Fenner, (2004).** *'Selecting Materials for Library Collections'.* આ પુસ્તકમાં જુદાં-જુદાં દેશોના જુદાં-જુદાં ગ્રંથાલયોમાં સંગ્રહ વિકાસ પરના લેખ પ્રગટ કરેલ છે. જેમાં સંગ્રહ વિકાસમાં પસંદગી પ્રક્રિયામાં પસંદગીના આધુનિક સ્ત્રોતોની જાણકારી આપવામાં આવેલ છે.

**Patel, (2009).** *'Collection Development policy of Science College libraries'.*પ્રસ્તુત મહાશોધનિબંધમાં જણાવ્યાનુસાર, કોલેજ ગ્રંથાલયમાં વસાવવામાં આવતા સામાન્ય પ્રકારના ગ્રંથસંગ્રહ ઉપરાંત સંદર્ભ સામગ્રી પણ અભ્યાસ તેમજ સંશોધન કાર્યમાં ઉપયોગી થઈ શકે તેવા ઉત્તમ પ્રકારનો હોવો જોઈએ. સાથે સાથે ગુણવત્તાયુક્ત સેવા આપવા ગ્રંથાલયમાં ઈન્ટરનેટની સુવિધા સાથે ઈ-સ્રોતો પૂરાં પાડી શકાય. ગ્રંથસંગ્રહ વિકસાવવામાં

વાચકની માંગને ખ્યાલમાં રાખવી જોઈએ. તેમજ ગ્રંથસંગ્રહને અદ્યતન રાખવા સમયાંતરે સમીક્ષા પણ કરવી જોઈએ. આ ઉપરાંત, અંતમાં સંગ્રહ વિકાસ નીતિ લખવા માટેનું માર્ગદર્શન પૂરું પાડતું માળખું પણ આપેલ છે.

**Walia, (2011).** *'Collection development in Public Libraries of Tehran'.* આ લેખમાં ઈરાનની રાજધાની 'તેહરાન' શહેરમાં જુદાં-જુદાં વિસ્તારમાં વસતા વિવિધ વર્ગના જૂથો માટે સાર્વજનિક ગ્રંથાલયની સેવામાં ગ્રંથ સંગ્રહ વિકાસના ઉદ્દેશની વાત કરેલ છે. ખાસ કરીને, આંતરરાષ્ટ્રીય ધારાધોરણ- ઈફ્લા અને યુનેસ્કોની માર્ગદર્શિકા મુજબ ગ્રંથ સંગ્રહ વિકસાવવામાં આવેલો છે કે કેમ? અને માહિતી સ્રોતોની પ્રાપ્તિની પધ્ધતિ તે જાણવાનો પ્રયત્ન કરેલ છે. આ લેખમાં પ્રશ્નાવલિ ઉપરાંત, વાર્ષિક અહેવાલ અને ગ્રંથાલય દસ્તાવેજો દ્વારા માહિતી એકત્રિત કરવામાં આવેલ છે.

**મિશ્રા,(૨૦૦૮).** *'પુસ્તકાલય પ્રબન્ધ'.*આ પુસ્તકમાં પુસ્તકાલય સંગઠન, પ્રબંધ પ્રક્રિયા, પુસ્તકાલયના ભૌતિક તેમજ માનવ સંસાધનોનો પ્રબંધ, સંસાધનોની સહભાગિતા ઉપરાંત, પુસ્તક પસંદગી અને પ્રાપ્તિ, પુસ્તકોની ભૌતિક ચકાસણી, વર્ગીકરણ, સંરક્ષણ, વાર્ષિક અંદાજપત્ર વગેરેની માહિતી આપવામાં આવેલ છે.

**સોલંકી, (૨૦૧૨).** *'ગુજરાતના કૃષિ વિશ્વવિદ્યાલય ગ્રંથાલયોમાં ગ્રંથસંગ્રહ વિકાસ'.* આ સંશોધન નિબંધમાં ગુજરાત રાજ્યની જૂનાગઢ, આણંદ,નવસારી અને પાલનપુર ખાતે આવેલી કૃષિ વિશ્વવિદ્યાલયના ગ્રંથાલયોને અભ્યાસ ક્ષેત્રમાં સમાવેશ કરેલ છે. તેઓએ ગ્રંથાલયમાં સંગ્રહ વિકાસ માટેની વિવિધ તબક્કાઓ જેવાકે, ગ્રંથ પસંદગી, ખરીદી, પ્રાપ્તિ,મેળવણી, મૂલ્યાંકન,રદ્દીકરણ પ્રકિયા તેમજ જાળવણી જેવી બાબતોની ચર્ચા કરેલ છે.

## ૭. માહિતી એકત્રીકરણ અને વિશ્લેષણ:


### ૭.૧ ગ્રંથાલયનો કુલ ગ્રંથ સંગ્રહ:

#### ૭.૧.૧ વર્ષ ૨૦૧૬-૧૭માં ગ્રંથાલયમાં ઉપલબ્ધ કુલ ગ્રંથ સંગ્રહ:

સંશોધકે વર્ષ ૨૦૧૬-૧૭માં ગ્રંથાલયમાં ઉપલબ્ધ ગ્રંથ સંગ્રહ વિશેની માહિતી પ્રાપ્ત કરવા માટે પૂછેલ પ્રશ્નના પ્રત્યુત્તરમાં મળેલ માહિતીનું વિશ્લેષણ નીચેની સારણીમાં રજૂ કરેલ છે.

**સારણી નં- ૧**
**વર્ષ ૨૦૧૬-૧૭ સુધીમાં ઉપલબ્ધ ગ્રંથાલયનો કુલ ગ્રંથ સંગ્રહ**

| ક્રમ | ગ્રંથાલયનું નામ | ગ્રંથાલય સંગ્રહ | | | | કુલ સંગ્રહ |
|---|---|---|---|---|---|---|
| | | પુસ્તક | સામયિક | દૈનિક પત્ર | ઈ-પ્રલેખ | |
| ૧ | સ.જિ.ગ્રં., મહેસાણા | ૫૩,૨૯૧ (૯૯.૯૨%) | ૩૫ (૦.૦૬૫%) | ૦૮ (૦.૦૧૫%) | ૦૦ (૦%) | ૫૩,૩૩૪ (૧૦૦%) |
| ૨ | સ.જિ.ગ્રં., હિંમતનગર (જિ-સા.કાં) | ૩૬,૫૪૦ (૯૯.૮૬%) | ૪૨ (૦.૧૧૫%) | ૦૯ (૦.૦૨૫%) | ૦૦ (૦%) | ૩૬,૫૯૧ (૧૦૦%) |
| ૩ | સ.જિ.ગ્રં., પાલનપુર ( જિ-બ.કાં ) | ૨૬,૯૧૪ (૯૯.૯૨%) | ૩૬ (૦.૦૬૫%) | ૦૭ (૦.૦૧૫%) | ૦૦ (૦%) | ૨૬,૯૫૭ (૧૦૦%) |
| ૪ | સ.જિ.ગ્રં., પાટણ | ૨૬,૪૧૩ (૯૯.૨૩%) | ૪૪ (૦.૧૬%) | ૧૨ (૦.૦૫%) | ૧૫૦ (૦.૫૬%) | ૨૬,૬૧૯ (૧૦૦%) |




**આલેખ નં- ૧ વર્ષ ૨૦૧૬-૧૭માં ગ્રંથાલયમાં ઉપલબ્ધ કુલ ગ્રંથ સંગ્રહ**


ઉપરોક્ત સારણી નં-૧નું અર્થઘટન કરતાં જાણવા મળે છે કે,- વર્ષ ૨૦૧૬-૧૭ સુધીમાં સરકારી જિલ્લા ગ્રંથાલયોમાં કુલ સંગ્રહ પૈકીના પુસ્તક સંગ્રહની સૌથી વધુ સંખ્યા સ.જિ.ગ્રં., મહેસાણા અને સૌથી ઓછી સંખ્યા સ.જિ.ગ્રં., પાટણ ધરાવે છે.સામયિકની સૌથી વધુ સંખ્યા સ.જિ.ગ્રં., પાટણ અને સૌથી ઓછી સંખ્યા સ.જિ.ગ્રં., મહેસાણા ધરાવે છે.દૈનિક પત્રની સૌથી વધુ સંખ્યા સ.જિ.ગ્રં., પાટણ અને સૌથી ઓછી સંખ્યા સ.જિ.ગ્રં., પાલનપુર (જિ-બ.કાં) ધરાવે છે.જ્યારેઇ-પ્રલેખ ફક્ત સ.જિ.ગ્રં., પાટણમાં જ ઉપલબ્ધ છે.આમ,સરકારી જિલ્લા ગ્રંથાલયોમાં કુલ સંગ્રહની સૌથી વધુ સંખ્યા સ.જિ.ગ્રં., મહેસાણા અને સૌથી ઓછી સંખ્યા સ.જિ.ગ્રં., પાટણ ધરાવે છે.

### ૭.૧.૨ વર્ષ ૨૦૧૪-૧૫ થી વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન નવો ઉમેરાયેલ ભાષાવાર ગ્રંથ સંગ્રહની માહિતી:

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે છેલ્લા ત્રણ વર્ષ ૨૦૧૪-૧૫; ૨૦૧૫-૧૬ તથા ૨૦૧૬-૧૭ દરમિયાન નવો ઉમેરાયેલ ભાષાવાર ગ્રંથ સંગ્રહની માહિતી પ્રાપ્ત કરવા માટે પૂછેલ પ્રશ્નના પ્રત્યુત્તરમાં મળેલ માહિતીનું વિશ્લેષણ નીચેની સારણીનં-૨સારણીનં-૩તથા સારણીનં-૪માં દર્શાવેલ છે.

**સારણી નં- ૨**
**વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન નવો ઉમેરાયેલ ભાષાવાર ગ્રંથ સંગ્રહ**

| ક્રમ | ભાષાવાર ગ્રંથ સંગ્રહ | વર્ષ-૨૦૧૪-૧૫ ગ્રંથાલયનું નામ | | | |
|---|---|---|---|---|---|
| | | સ.જિ.ગ્રં., મહેસાણા | સ.જિ.ગ્રં., હિંમતનગર (જિ-સા.કાં) | સ.જિ.ગ્રં., પાલનપુર (જિ-બ.કાં) | સ.જિ.ગ્રં., પાટણ |
| ૧ | ગુજરાતી | ૧૯૦ | ૪૩૨ | ૪૦૭ | ૨૪૦ |
| ૨ | હિન્દી | ૧૭૩ | ૫૮૬ | ૧૦૦૩ | ૩૪૫ |
| ૩ | અંગ્રેજી | ૨૪૬ | ૪૨૫ | ૫૫૪ | ૨૨૫ |
| ૪ | અન્ય | ---------- | -------- | ---------- | ------ |
| ૫ | કુલ | ૬૦૯ | ૧૪૪૩ | ૧૯૬૪ | ૮૧૦ |





**આલેખ નં-૨ વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન નવો ઉમેરાયેલ ભાષાવાર ગ્રંથ સંગ્રહ**

ઉપરની સારણી નં-૨માં વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન નવો ઉમેરાયેલ ગ્રંથ સંગ્રહની ભાષાવાર માહિતીનું વિશ્લેષણ કરતાં જાણવા મળે છે કે, વર્ષ ૨૦૧૪-૧૫માં ઉમેરાયેલ વિવિધ ભાષાવાર ગ્રંથ સાહિત્યમાં ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ ગ્રંથ સૌથી વધુ સ.જિ.ગ્રં., પાલનપુર (જિ-બ.કાં) અને સૌથી ઓછો સ.જિ.ગ્રં., મહેસાણા ધરાવે છે; હિન્દી ભાષામાં ઉમેરાયેલ ગ્રંથ સાહિત્ય સૌથી વધુ સ.જિ.ગ્રં., હિંમતનગર (જિ-સા.કાં) અને સૌથી ઓછો સ.જિ.ગ્રં., મહેસાણા ધરાવે છે. જ્યારે, અંગ્રેજી ભાષામાં ઉમેરાયેલ ગ્રંથ સંગ્રહ સૌથી વધુ સ.જિ.ગ્રં., હિંમતનગર (જિ-સા.કાં) તથા સૌથી ઓછો સ.જિ.ગ્રં., પાટણ ધરાવે છે.

આમ, વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન ઉમેરાયેલ વિવિધ ભાષાવાર ગ્રંથ સંગ્રહમાં સૌથી વધુ સ.જિ.ગ્રં., પાલનપુર (જિ-બ.કાં) તથા સૌથી ઓછો સ.જિ.ગ્રં., મહેસાણા ધરાવે છે.

## સારણી નં- ૩
## વર્ષ ૨૦૧૫-૧૬દરમિયાન નવો ઉમેરાયેલ ભાષાવાર ગ્રંથ સંગ્રહની માહિતી

| ક્રમ | ભાષાવાર ગ્રંથ સંગ્રહ | વર્ષ-૨૦૧૫-૧૬ | | | |
|---|---|---|---|---|---|
| | | ગ્રંથાલયનું નામ | | | |
| | | સ.જિ.ગ્રં., મહેસાણા | સ.જિ.ગ્રં.,હિંમતનગર (જિ-સા.કાં) | સ.જિ.ગ્રં.,પાલનપુર (જિ-બ.કાં) | સ.જિ.ગ્રં., પાટણ |
| ૧ | ગુજરાતી | ૧૮૩ | ૧૩૭ | ૨૮૪ | ૧૭૬ |
| ૨ | હિન્દી | ૨૧૬ | ૩૨ | ૨૦૨ | ૧૪૨ |
| ૩ | અંગ્રેજી | ૨૭૮ | ૯૮ | ૨૦૯ | ૯૨ |
| ૪ | અન્ય | ---- | ૨૩ | ------ | ૧૬ |
| ૫ | કુલ | ૬૭૭ | ૨૯૦ | ૬૯૫ | ૪૨૬ |





**આલેખ નં-૩ વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન નવો ઉમેરાયેલ ભાષાવાર ગ્રંથસંગ્રહ**

આમ, ઉપરની સારણી નં-૩માં વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન નવો ઉમેરાયેલ ભાષાવાર ગ્રંથ સંગ્રહની માહિતીનું વિશ્લેષણ કરતાં જાણવા મળે છે કે, વર્ષ ૨૦૧૫-૧૬ના જુદી-જુદી ભાષાવાર ઉમેરાયેલ ગ્રંથ સામગ્રીમાં ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ ગ્રંથ સામગ્રી સૌથી વધુ સ.જિ.ગ્રં., પાલનપુર (જિ-બ.કાં) અને સૌથી ઓછો સ.જિ.ગ્રં., હિંમતનગર (જિ-સા.કાં) ધરાવે છે; હિન્દી ભાષામાં ઉપલબ્ધ ગ્રંથ સંગ્રહ સૌથી વધુ સ.જિ.ગ્રં., મહેસાણા અને સૌથી ઓછો સ.જિ.ગ્રં., હિંમતનગર (જિ-સા.કાં) ધરાવે છે; અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ ગ્રંથ સંગ્રહ સૌથી વધુ સ.જિ.ગ્રં., મહેસાણા અને સૌથી ઓછો સ.જિ.ગ્રં., પાટણ ધરાવે છે; અન્ય ભાષામાં ઉપલબ્ધ ગ્રંથ સંગ્રહની સંખ્યા સ.જિ.ગ્રં., હિંમતનગર (જિ-સા.કાં)માં સૌથી વધુ અને સ.જિ.ગ્રં., પાટણમાં સૌથી ઓછું છે. જ્યારે, સ.જિ.ગ્રં., મહેસાણા અને સ.જિ.ગ્રં., પાલનપુર (જિ-બ.કાં)માં અન્ય ભાષામાં કોઈ ગ્રંથ સંગ્રહ ઉપલબ્ધ નથી.

આમ, વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન નવીન ઉમેરાયેલ જુદી-જુદી ભાષાવાર કુલ ગ્રંથ સામગ્રીમાં સૌથી વધુ સ.જિ.ગ્રં., પાલનપુર (જિ-બ.કાં) તથા સૌથી ઓછો સ.જિ.ગ્રં., હિંમતનગર (જિ-સા.કાં) ધરાવે છે.

**સારણી નં- ૪**
**વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન નવો ઉમેરાયેલ ભાષાવાર ગ્રંથ સંગ્રહની માહિતી**

| ક્રમ | ભાષાવાર ગ્રંથ સંગ્રહ | વર્ષ-૨૦૧૬-૧૭ | | | |
|---|---|---|---|---|---|
| | | ગ્રંથાલયનું નામ | | | |
| | | સ.જિ.ગ્રં., મહેસાણા | સ.જિ.ગ્રં.,હિંમતનગર (જિ-સા.કાં) | સ.જિ.ગ્રં.,પાલનપુર (જિ-બ.કાં) | સ.જિ.ગ્રં., પાટણ |
| ૧ | ગુજરાતી | ૧૪૮ | ૧૩૦૩ | ૪૦૭ | ૨૧૨ |
| ૨ | હિન્દી | ૨૦૭ | ૧૯૩૭ | ૧૦૦૩ | ૪૩૬ |
| ૩ | અંગ્રેજી | ૨૭૩ | ૧૦૮૩ | ૫૫૪ | ૨૫૦ |
| ૪ | અન્ય | ------- | ૫૦ | ------ | ૩૬ |
| ૫ | કુલ | ૬૨૮ | ૪૩૭૩ | ૧૯૬૪ | ૯૩૪ |




**આલેખ નં-૪ વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન નવો ઉમેરાયેલ ભાષાવાર ગ્રંથ સંગ્રહ**

આમ, ઉપરોક્ત સારણી નં-૪માં વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન નવો ઉમેરાયેલ ભાષાવાર ગ્રંથ સંગ્રહની માહિતીનું વિશ્લેષણ કરતાં જાણવા મળે છે કે,વર્ષ ૨૦૧૬-૧૭માં ઉમેરાયેલ વિવિધ ભાષાવાર ગ્રંથ સામગ્રીમાં ગુજરાતી ભાષામાં ઉમેરાયેલ ગ્રંથ સામગ્રી સૌથી વધુ સ.જિ.ગ્રં., હિંમતનગર (જિ-સા.કાં) અને સૌથી ઓછો સ.જિ.ગ્રં., મહેસાણા ધરાવે છે; હિન્દી ભાષામાં ઉપલબ્ધ ગ્રંથ સામગ્રીમાં સૌથી વધુ સ.જિ.ગ્રં., હિંમતનગર (જિ-સા.કાં) અને સૌથી ઓછો સ.જિ.ગ્રં., મહેસાણા ધરાવે છે; અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ ગ્રંથ સામગ્રીમાં સૌથી વધુ સ.જિ.ગ્રં., હિંમતનગર (જિ-સા.કાં) અને સૌથી ઓછો સ.જિ.ગ્રં., પાટણ ધરાવે છે; અન્ય ભાષામાં વસાવેલ ગ્રંથ સામગ્રીની સંખ્યા સ.જિ.ગ્રં., હિંમતનગર (જિ-સા.કાં)માં સૌથી વધુ અને સ.જિ.ગ્રં., પાટણમાં સૌથી ઓછું છે. જ્યારે, સ.જિ.ગ્રં., મહેસાણા અને સ.જિ.ગ્રં., પાલનપુર (જિ-બ.કાં)માં વર્ષ દરમિયાન અન્ય ભાષામાં કોઈ ગ્રંથ સામગ્રી ઉમેરાયેલ નથી.

આમ, વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન નવીન ઉમેરાયેલ વિવિધ ભાષાવાર કુલ ગ્રંથ સામગ્રી સૌથી વધુ સ.જિ.ગ્રં., હિંમતનગર (જિ-સા.કાં) તથા સૌથી ઓછો સ.જિ.ગ્રં., મહેસાણા ધરાવે છે.

## ૭.૨ મુદ્રિત ગ્રંથ સંગ્રહની માહિતી:

સંશોધકે ગ્રંથાલયના મુદ્રિત ગ્રંથ સંગ્રહની માહિતી પ્રાપ્ત કરવા માટે પૂછેલ પ્રશ્નના ઉત્તરમાં મળેલ માહિતીનું વિશ્લેષણ નીચેની સારણીમાં રજૂ કરેલ છે.

**સારણી નં- ૫**
**વર્ષ ૨૦૧૬-૧૭ સુધીનો મુદ્રિત ગ્રંથ સંગ્રહની માહિતી**

| ક્રમ | વાંચન સામગ્રી | ગ્રંથાલયનું નામ | | | |
|---|---|---|---|---|---|
| | | સ.જિ.ગ્રં, મહેસાણા | સ.જિ.ગ્રં., હિંમતનગર (જિ-સા.કાં) | સ.જિ.ગ્રં., પાલનપુર (જિ-બ.કાં) | સ.જિ.ગ્રં, પાટણ |
| ૧ | લઘુશોધ નિબંધ અનેમહાશોધ પ્રબંધ | ---- | ---- | ૨૪૦ | ---- |
| ૨ | દુર્લભ સાહિત્ય | ---- | ----- | ---- | ----- |
| ૩ | વિશિષ્ટગ્રંથ સંગ્રહ | ---- | ------ | ----- | ------ |
| ૪ | સંદર્ભ સાહિત્ય | ૨૩૬૪ | ૪૬૪૨ | ૩૧૮૨ | ૬૧૫ |
| ૫ | ગ્રંથેત્તર સામગ્રી (નકશા,ચાર્ટ વગેરે) | ૪૧ | ----- | ------ | ------ |
| ૬ | અન્ય | ૫૦,૮૮૬ | ૩૧,૮૯૮ | ૨૩,૪૯૨ | ૨૫,૭૯૮ |
| ૭ | કુલ સંખ્યા | ૫૩,૨૯૧ | ૩૬,૫૪૦ | ૨૬,૯૧૪ | ૨૬,૪૧૩ |

આમ, ઉપરોક્ત સારણી નં-૫ પરથી મળતી વર્ષ ૨૦૧૬-૧૭ સુધીનો મુદ્રિત ગ્રંથ સંગ્રહની માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન કરતાં જાણવા મળે છે કે, સરકારી જિલ્લા ગ્રંથાલયોમાં મુદ્રિત ગ્રંથ સંગ્રહમાં લઘુશોધ નિબંધ તથા મહાશોધ નિબંધનો સંગ્રહ ફક્ત સ.જિ.ગ્રં., પાલનપુર (જિ-બ.કાં) જ ધરાવે છે; સંદર્ભ સાહિત્યના સંગ્રહમાં સૌથી વધુ સ.જિ.ગ્રં., હિંમતનગર (જિ-સા.કાં) અને સૌથી ઓછું સ.જિ.ગ્રં., પાટણ ધરાવે છે; ગ્રંથેત્તર સામગ્રીનો

સંગ્રહ ફક્ત સ.જિ.ગ્રં., મહેસાણા જ ધરાવે છે. જ્યારે, અન્ય સંગ્રહ સૌથી વધુ સ.જિ.ગ્રં., મહેસાણા અને સૌથી ઓછો સંગ્રહ સ.જિ.ગ્રં., પાલનપુર ધરાવે છે.

## ૭.૩ અમુદ્રિત ગ્રંથ સંગ્રહની માહિતી:


અમુદ્રિત ગ્રંથ સંગ્રહની માહિતી મેળવવા માટે પૂછવામાં આવેલ પ્રશ્નના પ્રત્યુત્તરમાં મળેલ માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન કરતાં જાણવા મળે છે કે,અમુદ્રિત ગ્રંથ સંગ્રહ ચારેય સરકારી જિલ્લા ગ્રંથાલયો પૈકી ફક્ત સ.જિ.ગ્રં., પાટણ જ ધરાવે છે.જેમાં ૧૫૦ સીડી (CD)ના સંગ્રહ નો સમાવેશ થાય છે.

## ૭.૪ ભાષાવાર મુદ્રિત -અમુદ્રિત ગ્રંથ સંગ્રહની માહિતી:

**સારણી નં- ૭**

**ભાષાવાર મુદ્રિત-અમુદ્રિત ગ્રંથ સંગ્રહની માહિતી**

| ક્રમ | ગ્રંથાલયનું નામ | મુદ્રિત વાંચન સામગ્રી | | | | | અમુદ્રિત વાંચન સામગ્રી | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ગુ. | હિ. | અં. | અન્ય | કુલ | ગુ. | હિ. | અં. | અન્ય | કુલ |
| ૧ | સ.જિ.ગ્રં., મહેસાણા | ૨૮,૪૧૦ | ૧૨,૪૭૬ | ૧૨,૩૮૧ | ૨૪ | ૫૩,૨૯૧ | ---- | --- | --- | ---- | ---- |
| ૨ | સ.જિ.ગ્રં., હિંમતનગર (જિ-સા.કાં) | ૧૫,૮૩૩ | ૧૧,૪૫૧ | ૯,૧૮૩ | ૨૮ + ૪૫ (બ્રેઈલ) | ૩૬,૫૪૦ | ---- | --- | --- | --- | ---- |
| ૩ | સ.જિ.ગ્રં., પાલનપુર (જિ-બ.કાં) | ૧૦,૪૫૧ | ૮,૯૭૪ | ૭,૪૮૯ | ---- | ૨૬,૯૧૪ | --- | --- | --- | --- | ---- |
| ૪ | સ.જિ.ગ્રં., પાટણ | ૧૧,૭૦૦ | ૮,૨૫૪ | ૬,૪૫૯ | ---- | ૨૬,૪૧૩ | ૬૯ | ૪૮ | ૩૩ | ---- | ૧૫૦ |




**આલેખ નં-૫ વર્ષ ૨૦૧૬-૧૭ સુધીનો ભાષાવાર મુદ્રિત ગ્રંથ સંગ્રહની સંખ્યા**

ઉપરોક્ત સારણીનં-૭માં વર્ષ ૨૦૧૬-૧૭ સુધીનો ભાષાવાર મુદ્રિત-અમુદ્રિત ગ્રંથ સંગ્રહની માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન કરતાં જાણવા મળે છે કે, વિવિધ ભાષાવાર મુદ્રિત ગ્રંથ સંગ્રહ પૈકી ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ ગ્રંથ સંગ્રહ સૌથી વધુ સ.જિ.ગ્રં., મહેસાણા અને સૌથી ઓછો સ.જિ.ગ્રં., પાલનપુર (જિ-બ.કાં) ધરાવે છે; હિન્દી ભાષામાં ઉપલબ્ધ ગ્રંથ સંગ્રહ સૌથી વધુ સ.જિ.ગ્રં., મહેસાણા અને સૌથી ઓછો સ.જિ.ગ્રં., પાટણ ધરાવે છે; અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ ગ્રંથ સંગ્રહ સૌથી વધુ સ.જિ.ગ્રં., મહેસાણા અને સૌથી ઓછો સ.જિ.ગ્રં., પાટણ ધરાવે છે. જ્યારે, અન્ય ભાષામાં ઉપલબ્ધ ગ્રંથ સંગ્રહ સૌથી વધુ સ.જિ.ગ્રં., હિંમતનગર (જિ-સા.કાં) તથા સૌથી ઓછો સ.જિ.ગ્રં., પાટણ ધરાવે છે. જ્યારે, સ.જિ.ગ્રં., પાલનપુર તથા સ.જિ.ગ્રં., મહેસાણામાં અન્ય ભાષામાં કોઈ ગ્રંથ સંગ્રહ ઉપલબ્ધ નથી.


વિવિધ ભાષાવાર અમુદ્રિત ગ્રંથ સંગ્રહ ફક્ત સ.જિ.ગ્રં., પાટણ જ ધરાવે છે.

## ૭.૫ ગ્રંથાલયમાં ઉપલબ્ધ ભાષાવાર સંદર્ભ સાહિત્યનો કુલ સંગ્રહ:

સંશોધકે ગ્રંથાલયના ગ્રંથ સંગ્રહ પૈકીના સંદર્ભ સાહિત્યના કુલ સંગ્રહની માહિતી પ્રાપ્ત કરવા માટે પૂછેલ પ્રશ્નના જવાબમાં મળેલ માહિતીનું વિશ્લેષણ નીચેની સારણીમાં રજૂ કરેલ છે.

## સારણી નં- ૮
## ભાષાવાર સંદર્ભસાહિત્યની માહિતી

| ક્રમ | સંદર્ભ સાહિત્ય | ગ્રંથાલયનું નામ | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સ.જિ.ગ્રં., મહેસાણા | | | | સ.જિ.ગ્રં.,હિંમતનગર (જિ-સા.કાં) | | | | સ.જિ.ગ્રં.,પાલનપુર (જિ-બ.કાં) | | | | સ.જિ.ગ્રં., પાટણ | | | |
| | | ગુ. | હિ. | અં. | અન્ય | ગુ. | હિ. | અં. | અન્ય | ગુ. | હિ. | અં. | અન્ય | ગુ. | હિ. | અં. | અન્ય |
| ૧ | વિશ્વકોશ | ૪૫ | ૧૮ | ૨૨ | --- | ૩ | ---- | ૨ | --- | ૩૦ | ૧૫ | ૧૨ | --- | ૨૫ | ૧૦ | ૧૦ | --- |
| ૨ | શબ્દકોશ | ૪૦ | ૧૪ | ૧૮ | --- | ૨ | ૧ | ૨ | --- | ૨૪ | ૧૧ | ૮ | --- | ૯ | ૮ | ૧૦ | --- |
| ૩ | વાર્ષિકી | ૧૨ | ૫ | ૬ | --- | ૩ | ----- | ૩ | --- | ૫ | ૩ | ૩ | --- | ૩ | ૨ | ૧ | --- |
| ૪ | હેન્ડબુક | ૨ | ૩ | ૩ | --- | --- | ----- | ૨ | --- | --- | --- | --- | --- | ૧ | ૧ | ૨ | --- |
| ૫ | નિર્દેશિકા | ---- | ---- | ---- | --- | ----- | ------ | ---- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| ૬ | પંચાંગ | ---- | ---- | ---- | --- | ----- | ------ | ---- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| ૭ | જીવનચરિત્ર કોશ | ૫ | ૪ | ૪ | --- | ૨ | ૧ | ૩ | --- | --- | --- | --- | --- | ૪ | ૩ | ૧ | --- |
| ૮ | ભૌગોલિક સ્રોત | ૧૫ | ૪ | ૫ | --- | ૬ | ૩ | ૨ | --- | ૧૧ | ૮ | ૭ | --- | ૧૧ | ૭ | ૩ | --- |
| ૯ | વાઙ્ગ્મય સૂચિઓ | ૫ | ૬ | ૮ | --- | ----- | ----- | ---- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| ૧૦ | અન્ય | ૮૯૬ | ૭૨૧ | ૫૦૩ | --- | ૧૨૫૦ | ૧૩૫૯ | ૧૯૯૮ | --- | ૧૧૯૭ | ૯૬૪ | ૮૮૪ | --- | ૨૧૧ | ૧૬૩ | ૧૩૦ | --- |
| ૧૧ | કુલ સંદર્ભ સાહિત્ય | ૨૩૬૪ | | | | ૪૬૪૨ | | | | ૩૧૮૨ | | | | ૬૧૫ | | | |




**આલેખ નં-૬ ભાષાવાર સંદર્ભ સાહિત્યનો કુલ સંગ્રહ**

ઉપરોક્ત સારણીનં-૮માં ભાષાવાર સંદર્ભ સાહિત્યની માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન કરતાં જાણવા મળે છે કે, ભાષાવાર સંદર્ભ સાહિત્યમાં ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ વિશ્વકોશની સૌથી વધુ સંખ્યા સ.જિ.ગ્રં., મહેસાણા અને સૌથી ઓછી સંખ્યા સ.જિ.ગ્રં., હિંમતનગર (જિ-સા.કાં) ધરાવે છે; હિન્દી ભાષામાં ઉપલબ્ધ વિશ્વકોશની સૌથી વધુ સંખ્યા સ.જિ.ગ્રં., મહેસાણા અને સૌથી ઓછી સંખ્યા સ.જિ.ગ્રં., પાટણ ધરાવે છે. જ્યારે, સ.જિ.ગ્રં., હિંમતનગર (જિ-સા.કાં)માં હિન્દી ભાષામાં એકપણ વિશ્વકોશ ઉપલબ્ધ નથી. તથા અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ વિશ્વકોશની સૌથી વધુ સંખ્યા સ.જિ.ગ્રં., મહેસાણા અને સૌથી ઓછી સંખ્યા સ.જિ.ગ્રં., હિંમતનગર (જિ-સા.કાં) ધરાવે છે.

ભાષાવાર સંદર્ભ સાહિત્યમાં ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ શબ્દકોશની સૌથી વધુ સંખ્યા સ.જિ.ગ્રં., મહેસાણા અને સૌથી ઓછી સંખ્યા સ.જિ.ગ્રં., હિંમતનગર (જિ-સા.કાં) ધરાવે છે.

ભાષાવાર સંદર્ભ સાહિત્યમાં ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ વાર્ષિકીની સૌથી વધુ સંખ્યા સ.જિ.ગ્રં., મહેસાણા અને સૌથી ઓછી સંખ્યા સ.જિ.ગ્રં., હિંમતનગર (જિ-સા.કાં) તથાસ.જિ.ગ્રં., પાટણ ધરાવે છે. જ્યારે, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ વાર્ષિકીની સૌથી વધુ સંખ્યા સ.જિ.ગ્રં., મહેસાણા અને સૌથી ઓછી સંખ્યા સ.જિ.ગ્રં., પાટણ ધરાવે છે.

ભાષાવાર સંદર્ભ સાહિત્યમાં ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ હેન્ડબુકની સૌથી વધુ સંખ્યા સ.જિ.ગ્રં., મહેસાણા અને સૌથી ઓછી સંખ્યા સ.જિ.ગ્રં., પાટણ ધરાવે છે.

ભાષાવાર સંદર્ભ સાહિત્યમાં ગુજરાતી તથા હિન્દી ભાષામાં ઉપલબ્ધ જીવનચરિત્રકોશની સૌથી વધુ સંખ્યા સ.જિ.ગ્રં., મહેસાણા અને સૌથી ઓછી સંખ્યા સ.જિ.ગ્રં., હિંમતનગર (જિ-સા.કાં) ધરાવે છે. જ્યારે, અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ જીવનચરિત્રકોશની સૌથી વધુ સંખ્યા સ.જિ.ગ્રં., મહેસાણા અને સૌથી ઓછી સંખ્યા સ.જિ.ગ્રં., પાટણ ધરાવે છે.

ભાષાવાર સંદર્ભ સાહિત્યમાં ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ ભૌગોલિક સ્રોતની સૌથી વધુ સંખ્યા સ.જિ.ગ્રં., મહેસાણા અને સૌથી ઓછી સંખ્યા સ.જિ.ગ્રં., હિંમતનગર (જિ-સા.કાં) ધરાવે છે. જ્યારે, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ ભૌગોલિક સ્રોતની સૌથી વધુ સંખ્યા સ.જિ.ગ્રં., પાલનપુર (જિ-બ.કાં) અને સૌથી ઓછી સંખ્યા સ.જિ.ગ્રં., હિંમતનગર (જિ-સા.કાં) ધરાવે છે.

ભાષાવાર સંદર્ભ સાહિત્ય પૈકી વાઙ્મય સૂચિઓનો સંગ્રહ ફક્ત સ.જિ.ગ્રં., મહેસાણામાં જ ઉપલબ્ધ છે. જ્યારે, અન્ય સંદર્ભ સાહિત્યમાં ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં સૌથી વધુ સંખ્યા સ.જિ.ગ્રં., હિંમતનગર (જિ-સા.કાં) તથા સૌથી ઓછી સંખ્યા સ.જિ.ગ્રં., પાટણ ધરાવે છે.

આમ, વિવિધ ભાષાવાર કુલ સંદર્ભ સાહિત્યમાં સૌથી વધુ સંખ્યા સ.જિ.ગ્રં., હિંમતનગર (જિ-સા.કાં) અને સૌથી ઓછી સંખ્યા સ.જિ.ગ્રં., પાટણ ધરાવે છે.

## ૮. સૂચનો:

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધકે સંશોધન કાર્યમાં પ્રશ્નાવલિ દ્વારા મેળવેલ માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન કરીને મેળવેલ તારણો ઉપરથી નીચે મુજબના સૂચનો કરેલ છે.

(૧) આજના વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં વિવિધ વિષયોમાં પ્રકાશિત થતી અદ્યતન માહિતીની જરૂરીયાતને પહોંચી શકાય તે આશયથી ચારેય સરકારી જિલ્લા ગ્રંથાલયોમાં સામયિકોના લવાજમ પાછળ વધુ રકમની ફાળવણી કરવી જોઈએ.

(૨) ઉત્તર ગુજરાતના સરકારી જિલ્લા ગ્રંથાલયોમાં ગ્રંથપાલ જાતે મુદ્રિત તથા અમુદ્રિત વાંચનસામગ્રી વાચકોની માંગ અનુસાર પસંદગી કરીને ખરીદી શકે તેવી જોગવાઈ કરી યોગ્ય નાણાંની ફાળવણી કરવી જોઈએ.

## ૯. ઉપસંહાર:

આજના માહિતી અને ટેકનોલોજીના યુગમાં પણ સાર્વજનિક ગ્રંથાલયોનું મહત્વ ટકી રહ્યું છે. સાર્વજનિક ગ્રંથાલયો સમાજના દરેક વર્ગની વ્યક્તિને કોઈપણ જાતના ભેદભાવ વિના નિ:શુલ્ક સેવા આપે છે. વાંચન અને ગ્રંથાલયએ એકબીજાની પૂરક બાબતો છે. ગ્રંથાલયના ગ્રંથ સંગ્રહની સાર્થકતા ત્યારે જ સિધ્ધ થાય છે. જ્યારે, વાચક દ્વારા ગ્રંથાલયમાં રહેલી વાંચન સામગ્રીનો ભરપૂર ઉપયોગ થાય.

## વાડ્ગમય સૂચિ


૧. Agarwal, Vibhuti. (2000). *Library Serials Collection*. Delhi: Rajat Publications.

૨. Fenner, Audrey. (Ed.). (2004). *Selecting Materials for Library Collections*. Newyork: The Haworth Information Press.

૩. Mehsana District Map-Maps of India. Retrieved 12 January, 2018 from https://www.mapofindia.com.

૪. Mehta, Surendra Prasad. (2008). *Library Collection Management*. (1st ed.). Delhi: Pushpanjali Prakashan.

૫. Walia, Paramjeet K. and Momeni, Esmat. (2011). Collection Developmen in Public Libraries of Tehran. *Collection Bulding*, 30(4), July,pp. 160-166, Retrieved 18 September, 2017 from http://www.emeraldinsight.com/doi/abs/ 10.1108/01604951111181128

૬. ભૈયા, છગન. (૧૯૯૩). *ગ્રંથાલય અને સમાજ.* જથી આ. અમદાવાદ: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય. પૃ. ૬-૧૦.

૭. મિશ્રા, પ્રસિધ્ધ કુમાર. (૨૦૦૮). *પુસ્તકાલય પ્રબન્ધ.* નવી દિલ્લી: રજત પ્રકાશન.

૮. સોલંકી, ભારતી એમ. (૨૦૧૧). *ગુજરાતના કૃષિવિશ્વવિદ્યાલયના ગ્રંથાલયોમાં સંગ્રહનો વિકાસ.* હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી. માર્ગદર્શક ઠાકર, ઊર્મિલા. ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી.વલ્લભવિદ્યાનગર.